શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ


# શ્રુતદીપ

॥ सुयं मे आउसं ॥

વિક્રમ સંવત ૨૦૭૭ • વર્ષ-૫ • અંક-૨ • ઓક્ટોબર ૨૦૨૧

## શ્રુતરત્ન પદાલંકાર પ્રસંગ

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીની પરંપરામાં સેંકડો આચાર્ય ભગવંતોએ હજારો શાસ્ત્રોની રચના કરી. તે શાસ્ત્રો પહેલા મુખપાઠની પરંપરાથી પેઢી દર પેઢી સચવાતા. આચાર્યશ્રી દેવર્ધિગણિજી ક્ષમાશ્રમણ પછી ગ્રંથસ્થ થઈને આજ સુધી સચવાતા આવ્યા છે. શ્રીસંઘે શાસ્ત્રો તાડપત્ર પર કે કાગળ પર લખાવ્યા. આવી હાથેથી લખેલી લાખો પોથી(પુસ્તક) તૈયાર થઇ અને તેને સાચવવા ગામે-ગામ સરસ્વતી-ભંડાર, સિદ્ધાંત કોશ, ચિત્કોષ જેવા નામે જ્ઞાનભંડારોની સ્થાપના થઇ.



કાળના પ્રભાવે શાશ્વત જ્ઞાનને સાચવવાની આ પરંપરા ક્ષીણ થઇ. જ્ઞાનભંડારની સાચવણી કરવાવાળું કોઇ રહ્યું નહીં. તેમાં લખેલી ભાષા સમજવાવાળા ઓછા થતા ગયા. તેમાં લખાયેલી લિપિ ઉકેલવાવાળા પણ ઓછા થતા ગયા. હસ્તપ્રતોનું સંપાદન કરી શકે એવા વ્યક્તિ જૂજ જ રહી ગયા.

આવી વિષમ સ્થિતિમાં શ્રુતની રક્ષા કરવા માટે આખું જીવન ન્યોછાવર કરનારા વિરલ ગુરુભગવંતો પણ થયા જેમણે હસ્તપ્રતોમાં છુપાયેલા શ્રુતજ્ઞાનના સંપાદનની પરંપરાને આગળ વધારવા મહેનત કરી. તેમાં એક નામ છે-

**પૂજ્ય ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજ સાહેબ.**

આજથી બાર વરસ પહેલાં વિ. સં. ૨૦૬૪ પૂજ્ય ગણિવરનું પૂના શહેરમાં આગમન થયું. વિ. સં. ૨૦૬૬ માં અગિયાર વરસ પહેલાં સુજય ગાર્ડનમાં શ્રુતભવનની સંકલ્પનાનો પાયો નંખાયો. દસ વરસ પહેલા વિ. સં. ૨૦૬૭ હાઈડ પાર્ક ચોમાસામાં શ્રુતભવન સંશોધન કેંદ્રની ગતિવિધિનો પ્રારંભ થયો. દસ વરસમાં શ્રુતભવન સંશોધન કેંદ્રએ શ્રુતજ્ઞાનની, હસ્તપ્રતોની સંરક્ષણ, સંપાદન અને સંવર્ધન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું. પૂજ્ય ગણિવરશ્રીએ પોતાનું સર્વસ્વ આ માટે સમર્પિત કર્યું. જાહેર જીવનથી વિમુખ બનીને તેઓએ પોતાની તમામ શક્તિ અને ક્ષયોપશમ શ્રુતભવનનાં કાર્ય માટે અર્પિત કર્યા. પૂજ્ય ગણિવરશ્રીની આ ગૌરવપૂર્ણ યાત્રાના સાક્ષી અને સહભાગી થવાનું સદ્ભાગ્ય પૂનાવાસીઓને સાંપડ્યું.



**પદ પ્રદાન**

વિ. સં. ૨૦૭૭ માં હાઈડ પાર્ક સોસાયટીની આગ્રહભરી વિનંતિથી પૂજ્ય ગણિવરશ્રી ચાતુર્માસ માટે પધાર્યા. ભક્તામર સ્તોત્ર, શ્રુતજ્ઞાનની પરંપરા અને ધ્યાન વિષયક પ્રવચનો દ્વારા હાઈડ પાર્ક વાસીઓ અભિભૂત થઇ ગયા. તેમણે ગણિવરશ્રીની શ્રુતની નિષ્ઠા નજીકથી જોઇ, તેમનાં સમર્પણને સમીપ જઇને જાણ્યું અને તેમના મનમાં ભાવના જાગી કે પૂજ્ય ગણિવરશ્રી શ્રુતનાં રત્ન સમાન છે. તેથી તેમને શ્રુતરત્ન પાદવીથી વિભૂષિત કર્યા. આ માટે તેમણે પૂનાના ગણમાન્ય સંઘો અને મહાજનોને આમંત્રણ આપ્યું. વિ. સં. ૨૦૭૭ શ્રાવણ વદ ૭ રવિવાર તા. ૨૯-૮-૨૦૨૧ ના દિવસે શ્રુતધર્મ અને શ્રુતરક્ષક ગુરુભગવંતના સન્માનનો કાર્યક્રમ આયોજિત કર્યો. પૂજ્ય ગણિવરશ્રી દ્વારા સંપાદિત **લોકપ્રકાશ** ગ્રંથના સોળ ભાગોનું અને **શ્રુતભવન સંશોધન કેંદ્ર**ના **હસ્તલિખિત શાસ્ત્ર સંગ્રહના સૂચિપત્ર**નો સંઘાર્પણ સમારોહ પણ ગોઠવાયો. સવારે ૯.૩૦ કલાકે વિનીત ગેમાવતના ઉત્સાહક સંગીતના સથવારે અક્ષતોના વરસતા વરસાદ વચ્ચે કાર્યક્રમનો પ્રારંભ થયો. ત્રણ દેરાસરની પ્રતિષ્ઠાના મુહૂર્તોનું પ્રદાન થયું. રાધનપુર નિવાસી શ્રી **જીવતલાલ પ્રતાપશી પરિવાર**ના શુભહસ્તે લોકપ્રકાશ ગ્રંથનું સંઘાર્પણ થયું. ડૉ. **જિતેંદ્ર બી. શાહે** લોકપ્રકાશનો પરિચય પ્રસ્તુત કર્યો. હાઈડ પાર્ક સંઘના વડિલોએ નાચતા-નાચતા હસ્તપ્રત સૂચિપત્રને માથે લઈ આખા મંડપને પ્રદક્ષિણા આપી. ડૉ. જિતેંદ્ર બી. શાહ, શ્રી દીપકભાઈ શાહ, હાઈડ પાર્ક સંઘ વતી ટ્રસ્ટી પ્રકાશ ઓસવાલ, જિનેંદ્ર લોઢાએ પૂજ્ય ગુરુદેવનો પરિચય આપ્યો. આ પ્રસંગે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમોક્ષરતિસૂરિજી મહારાજ** પધાર્યા હતા અને પ્રસંગના અંત સુધી નિશ્રા સમર્પી હતી. પૂજ્ય ગણિવરશ્રી **પ્રશમતિલકવિજયજી** મ. સા. ની પણ ઉપસ્થિતિ રહી હતી. પરમ પૂજ્ય સાધ્વીજી **શ્રી જિનરત્નાશ્રીજીનું** સાંનિધ્ય પણ મળ્યું હતું.





**વિમોચન**

પૂનાના ગણમાન્ય મહાજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રસિદ્ધ એડવોકેટ **એસ. કે. જૈન, ઓમપ્રકાશજી રાંકા**(અધ્યક્ષ, જિતો પુણે ચેપ્ટર) **વિજય ભંડારી**

**પૂજ્ય ગણિવરશ્રીના ઉદ્ગાર**

- આ કામ મેં નથી કર્યું. આ કામ માટે મારી પસંદગી થઈ છે. કામ પરમ શક્તિનું છે, આદેશ આચાર્ય ભગવંતોનો છે અને માધ્યમ શ્રુતભવન છે.
- શ્રુતભવનના કાર્યને વેગ મળે એ માટે સમગ્ર શ્રુતભવન પરિવાર વતી આ સન્માન સ્વીકારું છું.
- શ્રુતનું આ કામ મારાથી મોટું છે. વિચાર કરતા વ્યક્તિ મોટી બની જાય તો ગમે તેટલું મોટું કામ નાનું બની જાય છે. શ્રુતનું કામ સહુથી મોટુ છે તે હમેંશા યાદ રાખશો.

(ઉપાધ્યક્ષ, જિતો) **દીપકભાઈ શાહ** (તળેગાવ પાર્શ્વ-પ્રજ્ઞાલય ટ્રસ્ટી), **સંજય શાહ** (શાહ પ્રમોટર્સ એંડ ડેવલપર્સ) એડવોકેટ **મહેંદ્ર કોઠારી**, **દેવીચંદજી જૈન** (ટ્રસ્ટી, આગમ મંદિર, પૂના) **અચલજી જૈન** વગેરે એ શુભકામના વ્યક્ત કરી. હાઈડ પાર્ક સંઘના પદાધિકારીઓએ આ પ્રસંગે પ્રાણ પાથરીને તૈયારી કરી હતી.

પૂજ્ય ગણિવરને પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયમોક્ષરતિસૂરિજી મહારાજની ઉપસ્થિતિમાં રજતની ફ્રેમમાં રજતપત્ર પર લખાયેલ પ્રશસ્તિ પત્ર અર્પણ કરવાની વેળાએ સકલ શ્રી સંઘે અક્ષતનો વરસાદ વરસાવીને પૂજ્ય ગણિવરને વધાવ્યા હતા.



**પૂના સંઘના મહાજન**

**આ પ્રસંગે અનેક પૂજ્ય ગુરુભગવંતોએ શુભકામના પત્રો પાઠવ્યા હતા તેના અંશ અહીં પ્રસ્તુત છે.**

ગણિવરશ્રીએ દર્શનશાસ્ત્ર વગેરેનું ઉંડુ અધ્યયન કર્યું છે. અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ જેવા ગ્રંથોનો ઉત્તમ કક્ષાના સંપાદનો કર્યા છે. શ્રુતભવનના માધ્યમે ઘણા પંડિતો તૈયાર કર્યા છે. વર્ધમાન જિનરત્નકોશનો બહુ ઉપયોગી પ્રોજેક્ટ કરીને કયા ગ્રંથની હસ્તપ્રત કયા ભંડારમાંથી મળી શકે એ માહિતી સંપાદકોને સુલભ કરી દીધી છે. શ્રુતદીપ વગેરે સંપાદનોમાં અનેક અપ્રગટ ગ્રંથો પ્રગટ થાય છે. શ્રુતની આવી ઉત્કૃષ્ટ સેવા કરતા ગણિવરશ્રીને શ્રુતરત્નની પદવી અર્પણ પ્રસંગે શુભકામના...

**આ. મુનિચંદ્રસૂરિ**

बदलते परिवेश में इसी परंपरा को आगे बढाने में गणिवर श्री वैराग्यरतिविजयजी म. का योगदान अप्रतिम है। इनकी श्रुतसेवा नेत्रदीपक है। वास्तव में वे जिनशासन के रत्न हैं। इस प्रसंग पर आपको एवं श्री गणिवर को हार्दिक बधाई एवं दिली शुभकामनाएं।

**उपाध्याय श्री भुवनचंद्रजी म.सा.**
**( पार्श्वचंद्र गच्छ )**

જિનશાસનની યોગ્યને યોગ્ય પ્રદાન કરવાની પરંપરાને તમે આગળ વધાવી રહ્યા છો એને હર્ષ સાથે આવકાર.

આ પદપ્રદાન પ્રસંગે આવા સમર્થ શ્રમણને એવો સાથ આપવાનું નક્કી કરો કે કુમારપાળે જેમ હેમચંદ્રસૂરિ મ. ને આપ્યો હતો.

**આ. યશોવર્મસૂરીશ્વરજી મ.**

**પૂજ્ય આચાર્યશ્રી વિજયમોક્ષરતિસૂરિજી મહારાજના ઉદ્ગાર**

- શ્રુતજ્ઞાન માટે આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિતિ અને સાડા ચાર કલાક સુધી હાજરી આશ્ચર્ય અને અનુમોદનાનો વિષય છે.
- ગણિવરશ્રી સપનાં જોઈ શકે છે અને તેને સાકાર કરી શકે છે. એમનામાં લોકોને જોડવાની કળા છે. તેમનું નવું સ્વપ્ન પણ જલ્દી પૂરું થશે જ.

आपको जो पदवी दी जा रही है वो उचित व्यक्ति का उचित बहुमान स्वरूप है।

**आ. अजितशेखरसूरि का अनुवंदन**

उनके कार्य का अभिनंदन हाईड पार्क टेम्पल ट्रस्ट द्वारा श्रुतरत्न अलंकरण द्वारा किया जा रहा है, जानकर प्रसन्नता। महाराजश्री का कार्य जिनशासन के गौरव में अभिवृद्धि करनेवाला हो यही हार्दिक मंगलकामना।

**महेन्द्रऋषि**
**युवाचार्य श्रमणसंघ**

दिल की गहराईओं से आपश्रीजी का अभिनंदन करता हूं। यह श्रुत-सेवा निराबाध-गति से बढती रहे इसके लिए मैं हृदय से शुभकामना करता हूं।

**उपा. जितेंद्रमुनि ( श्रमणसंघ )**

શ્રુતભવન સંશોધન કેંદ્રને હેડક્વૉર્ટર બનાવી વર્તમાન દુનિયાથી વાકેફ રહી સેંકડો(આગમ) ગ્રંથો-શાસ્ત્રોના સંશોધન-સંપાદન અને સંકલન દ્વારા વિદ્વદ્ભોગ્ય અને જનભોગ્ય શ્રુતરત્ન પીરસ્યું છે તે ખરેખર લાજવાબ છે.

**આ. આનંદવર્ધનસૂરિ**
**આ. આત્મદર્શનસૂરિ (ભાયંદર )**

યોગ્ય આત્માને યોગ્ય પદવી અર્પણ એટલે શ્રુતરત્નની પદવી... ખૂબ ખૂબ અનુમોદના.

**જ્યોતિષાચાર્ય ડૉ. હેમચંદ્રસૂરિ**
**(પ્રેમસૂરિ સમુદાય)**

સતત ને સતત શ્રુતસેવા જ તમારો પર્યાય બની ચૂક્યો છે. વિદ્વત્તા સાથે તમારી નમ્રતા-કૃતજ્ઞતા પ્રશસ્ય બનેલ છે. તમારા દ્વારા વધુ ને વધુ શ્રુતસેવાની યજ્ઞ મંડાતો રહે એ જ મંગલ શુભકામના.

**યશપ્રેમસૂરિના અનુવંદન**

आप पूज्य श्री वैराग्यरतिविजयजी गणिवर्यश्री को श्रुतरत्न की महनीय उपाधि से विभूषित करने जा रहे हैं इस संदेश से सानंद आश्चर्य हुआ। आनंद का निदान यह है कि उचित एवं योग्य व्यक्ति को यह सन्मान दिया जा रहा है एवं आश्चर्य का कारण यह है कि इस कार्य में आपने इतना विलंब किया। पूज्यश्री की प्रतिभा को नजर में रखते हुए यह प्रसंग बहुत पहेले हो जाना चाहिए था।



**બહુમાન પત્ર**

श्रुतरत्न तो वे पहेले से हैं, हम उनमें कुछ आरोपित नहीं कर रहे हैं, हम तो केवल जो है उसे प्रकाशित कर रहे हैं इतना अवश्य ध्यान में रहे।

**मुनिश्री त्रैलोक्यमंडनविजयजी म.सा**

શ્રુતનાં સંરક્ષણ-સંવર્ધન-સંમાર્જન પરત્વેની આપની સૂક્ષ્મચિંતા અને તદનુરૂપ ઉચિત વ્યવસ્થાનું આયોજન એ આપનો મુખ્ય પરિચય છે. તદર્થ આનંદ અને અનુમોદના છલકાય જ એમાં શું આશ્ચર્ય!...

**મુનિશ્રી શીલચંદ્રવિજય (ડહેલાવાલા)**

આવનારો ઇતિહાસ આપના આ બલિદાનને ક્યારે વીસરી નહી શકે. આપશ્રી જેમ સહજ શ્વાસ લો છો તેમ સહજ શુદ્ધ ગ્રંથો તૈયાર કરો છો. મારા જીવન-આકાશમાં આપ ધ્રુવતારકની જેમ ચમકી રહ્યા છો.

**પ્રભુશાસનરત્નવિજય**

---

पूना में रहकर हमारी पीढीयां गुजर गई लेकिन श्रुत क्या है यह हमें कभी किसीने बताया नहीं, ना ही हमारी आनेवाली पीढी को हम बता पातें। साहेबजी के अथक प्रयास से आज हमें श्रुत शब्द का अर्थ समझा। उसकी महत्ता समझ में आयी। श्रुत की भक्ति करने का मौका हमें मिला।

हाईड पार्क परिवार का सद्भाग्य कि उन्होंने हमारी विनंति को मान्यता देकर पद लेने की अनुमति दी वरना ये इतने निःस्पृह हैं कि श्रुतभवन में कहीं पर भी अपने नाम की तकती नहीं बनाई।

**प्रकाश ओसवाल**

एक युनिवर्सिटी जितना नहीं कर सकती उतना काम किया। उन्होंने हमेशा पूरे शासन को नजर के सामने रखा। कभी समुदाय, गच्छ, संप्रदाय की बात नहीं करी। बात करी श्रुत की। श्रुत सभी के लिए है।

**जिनेंद्र लोढा**

---

## સમાચાર



તા. ૪-૧૦-૨૦૨૧ના દિવસે હાઈડ પાર્કમાં BAPS સંસ્થાના આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રેરક વક્તા, શ્રી જ્ઞાનવત્સલસ્વામીજીએ પૂજ્ય ગુરુદેવની મુલાકાત કરી. વર્તમાન પેઢીને આધ્યાત્મિકતા સાથે જોડવાના વિષયમાં વાર્તાલાપ થયો. શ્રુતભવન સંશોધન કેન્દ્રની પ્રવૃત્તિઓ જાણીને તેમણે આનંદ વ્યક્ત કર્યો તેમજ સંસ્થા દ્વારા ચાલતી સંસ્કાર નિર્માણની પ્રવૃત્તિની જાણકારી આપી



તા. ૩૧ જૂલાઈ - ૧ અગસ્ત અને ૭-૮ અગસ્ત ૨૦૨૧ના દિવસે હાઈડ પાર્કમાં હાઈડ પાર્ક સંઘ અને શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનના સંયુક્ત તત્ત્વાવધાનમાં બ્રાહ્મી લિપિની બે કાર્યશાળાઓ આયોજીત થઈ. આ કાર્યશાળામાં ૧૨૦ જણ જોડાયા અને ૭૦ ટકા થી ઉપર પરિણામ આવ્યું.



તા. ૨૯-૦૮-૨૦૨૧ના દિવસે પૂજ્ય ગણિવર્યશ્રીના માર્ગદર્શનમાં નિર્માણાધીન શ્રી કુંથુનાથસ્વામી જિનમંદિર, ડિવાઈન સોસાયટી, વાનવડી, શ્રી આદિનાથસ્વામી ગૃહમંદિર, ક્લાઉડ-નાઈન સોસાયટી અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનમંદિર, શાંતા-કાંતા નિવાસ, કોંઢવા આ ત્રણ જિનમંદિરોના પ્રભુપ્રવેશ અને પ્રતિષ્ઠા મુહૂર્ત પ્રદાન થયા.

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, પૃથ્વીચંદ્રચરિત્ર, પ્રવચનવિચારસાર, પ્રદેશીરાજા ચરિત્ર, ઉપદેશશત સહ અવચૂરિ, હૈમવિભ્રમ સહ ટીકા, નામાખ્યાતીય વૃત્તિ, ઉપા. શ્રી વિનયવિજયજી મ.સા. કૃતિ-સંકલન અને સંપાદન, સીતા ચરિત્ર, લબ્ધિસ્તવ સહ અવચૂરિ, મુગ્ધમેધાકરાલંકાર વૃત્તિ** અને **અગ્યાર અંગ સજઝાય**નું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. **પ્રદેશી રાજા ચરિત્ર**નું લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી. **ધન્યહંસાશ્રીજી** મ. **પર્યુષણચિંતામણિ પ્રકરણ સહ ટબાર્થ**નું લિપ્યંતર કરે છે.

**વર્ધમાન જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ**. મ.સા., પૂ. આ. શ્રી **ભવ્યસુંદરસૂ**. મ.સા., પૂ. આ. શ્રી **નરરત્નસૂ**. મ.સા., પૂ. ગ. શ્રી **સુયશચંદ્રવિ**. મ.સા., પૂ. મુ. શ્રી **શીલચંદ્રવિ**. મ.સા., પૂ. મુ. શ્રી **ચંદ્રદર્શનવિ**. મ.સા., પૂ. મુ. શ્રી **ધર્મશેખરવિ**. મ.સા., પૂ. મુ. શ્રી **હીંકારરત્નવિ**. મ.સા., પૂ. મુ. શ્રી **ચંદ્રદર્શનવિ**. મ.સા., પુ. મુ. શ્રી **કૃપારત્નવિ**. મ.સા., પુ. મુ. શ્રી **સર્વહિતવિ**. મ.સા., પુ. મુ. શ્રી **દાનરત્નવિ**. મ.સા. તથા ડૉ. **જિતેંદ્ર શાહ**ને હસ્તપ્રતસંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

સૌ. જ્યોતિબેન નલિનકાંત જેવતલાલ દલાલ, પુણે
શ્રી અભયજી શ્રીશ્રીમાળ (અભુષા ફાઉંડેશન), ચેન્નઈ
શ્રી મહેંદ્રભાઈ કાંતિલાલ શાહ
સૌ. આશાલતાબેન કેસરીમલજી જૈન, પુણે
સૌ. ઝુંબરબેન કીર્તિકુમાર ધરમચંદ ઓસવાલ, પુણે
શ્રી કાંતિલાલ ફતેચંદજી છાજેડ
સૌ. ઇલાબેન મહેંદ્રભાઈ શાહ
શ્રી યોગેશભાઈ ચંદાલિયા, પુણે
શ્રી સિદ્ધાર્થ રતિલાલ શાહ, અમદાવાદ
શ્રી હસમુખભાઈ મનસુખલાલ શાહ, મુંબઈ
શ્રી ડિવાઈન જૈન સંઘ, પુણે
સૌ. કવિતાબેન કોઠારી, પુણે
શ્રીમતી ઉર્વશીબેન શાહ, પુણે
સુભાગ્ય લેકટાઉન સામાયિક મંડલ, પુણે
સૌ. કામનાબેન પરમેચા, પુણે

**હાઈડ પાર્ક પરિવાર, પુણે દ્વારા શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે વિશિષ્ટ સહયોગ પ્રાપ્ત થયો છે.**
**શ્રુતભવન પરિવાર તેમની ખૂબ અનુમોદના કરે છે.**

## પ્રતિભાવ (અભિપ્રાય)

પૂ.મુ. શ્રી વૈરાગ્યરતિવિજય મ.સા.નો પુરુષાર્થ ઘણો કિંમતી છે અને ફળદાયક છે અને તેનો પ્રત્યક્ષ અનુભવ આજે થયો. એક આલ્હાદક જ્ઞાનમંદિરની સ્પર્શનાનો લાભ મળ્યો. આવા જ્ઞાનભક્તિના કાર્યોમાં આગેકુચ કરો અને તેમાં સફળ થાઓ. તેવા આશીર્વાદ. જોઈને ઘણોને સંતોષ થયો છે.

- પૂ. ગચ્છા. આ શ્રીમદ્ વિજય દૌલતસાગરસૂરીશ્વરજી મ.સા.

## સુવાક્ય

कुछ लिखकर सो,
कुछ पढकर सो,
तूं जिस जगह जागा सवेरे,
उस जगह से बढकर सो।

રોજ કંઈક લખીને પછી જ સૂવા જા,
કંઈક વાંચીને પછી જ સૂવા જા,
આજે સવારે જે જગ્યાએ જાગ્યો
ત્યાંથી આગળ વધીને પછી જ સૂવા જા.
-ભવાનીપ્રસાદ મિશ્ર

**Printed Matter**
**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

To,

**From : Shrutbhavan Research Centre**
**(Initiation of Shrutdeep Research Foundation)**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel